# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૧/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૫૧** તા. ૧૪.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No. PG- ૫૧/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: ગોરધનભાઈ રવજીભાઈ હરણેશા, ગામ - રાજકોટ **સબડીવીઝન**: વાવડી રાજકોટ શહેર
રજૂઆત કરનાર: **અરજદાર** **નરેન્દ્રભાઈ** ગોરધનભાઈ હરણેશા **હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર** ગોરધનભાઈ રવજીભાઈ હરણેશા, ગામ - રાજકોટ **જણાવે છે કે**, તેઓના ગ્રાહક નં.–૩૪૫૧૩–૨૮૮૦૨–૭ ના વીજબીલ માં રૂ.૧૪૦/– અથવા રૂ.૧૧૫/– ચડીને આવે છે. જે બાબતે પેટા વિભાગીય કચેરી વાવડી માં અરજી આપેલ છે. આમ, ૬ થી ૭ બીલ થઈ ગયેલ હોવા છતા – કોઈપણ નિવારણ આવેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝન ના ગ્રાહકશ્રી ગોરધનભાઈ રવજીભાઈ હરણેશા તરફથી વીજ વપરાશના બીલ માં ઉજાલા લેમ્પના ચાર્જ બાકી આવતા હોવા ની ફરિયાદ બાબતે - હાલ ઓન લાઈન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ મુજબ ગ્રાહક જયારે ફરિયાદ લઇ આવે છે ત્યારે તેમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછી ના હપ્તા બંધ થઇ જાય છે અને જે ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે વડી કચેરી દ્વારા પત્ર નં.-પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૧૯/LTB-1/૧૩૬૬ તા.૩.૧૦.૧૮ થી આપેલ માર્ગદર્શન મુજબ EESL (એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને ડેટા જી.યુ.વી.એન.એલ. તરફ થી મોકલવામાં આવે છે અને આ પ્રકારનો ડેટા EESL ને ૧૫ દિવસમાં યોગ્ય નિરાકરણ કરવા અર્થે આપવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈ ની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે તેમજ ગ્રાહક ના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

## :: હુકમ ::

**૪.૦** અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

**૪.૧** અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૩૪૫૧૩–૨૮૮૦૨–૭ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

**૪.૨** ઉપરોક્ત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પી.આર.ટી.–૧૪૫ મુજબ – સદર ગ્રાહક નં. ૩૪૫૧૩–૨૮૮૦૨–૭ ના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges in Rs. |
|---|---|
| JUL,AUG,18 | 140 |
| SEP,OCT,18 | 140 |
| NOV,DEC,18 | 000 |
| JAN, FEB,19 | 115 |
| MAR, APR,19 | 115 |
| MAY, JUN,19 | 115 |
| JUL, AUG,19 | 115 |
| SEP, OCT,19 | 115 |
| NOV, DEC,19 | 115 |
| Total | 970 |

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જેની જરૂરી મંજુરી મળ્યેથી ગ્રાહકના ખાતામા સદર રકમ જમા આપવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઉજાલા બલ્બ ની ખરીદી E.M.I. પધ્ધતિ દ્વારા કરાયેલ હોય – તે બાબતેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ પેટે રકમ વસુલેલ છે, તે તેઓના બીલીંગ ખાતામા – અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. વધુમાં સદર રકમ ઉપર લાગેલ વિલંબીત ચાર્જ રદ કરવાની સુચના આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: (૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.